જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦     ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૧૧/૨૦૧૬ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ
પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-    સમાચાર યાદી નં.૨૧૮૩/૧૬

## પોલીસ ઉપર હુમલો કરનાર ભાઈપુરાના કુખ્યાત બે ચેઇન સ્નેચર આરોપીઓને ઝડપી પાડતી ક્રાઈમ બ્રાન્ચ

સંયુકત પોલીસ કમિશ્નર શ્રી, ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી, ક્રાઈમ બ્રાન્ચ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી, ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરના નાસતા ફરતા વોન્ટેડ આરોપીઓને પકડી પાડવા આપેલ સુચના આધારે ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેકટર શ્રી એસ.એલ.ચૌધરી તથા પોલીસ ઈન્સ્પેકટર શ્રી ડી.એસ.ગોહીલ તથા તેઓના સ્કવોર્ડના સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં નાસતા ફરતા વોન્ટેડ આરોપીઓની તપાસમાં પેટ્રોલીંગમા હતા તે દરમિયાન તા.૨૪/૧૧/૨૦૧૬ ના કલાક ૧૬/૧૫ વાગે વસ્ત્રાલ ગામ રોડ જયશ્રી બહુચર કિરાણા સ્ટોર્સ નામની દુકાન પાસે આવતા સાથેના પો.કો. મનીષભાઈ નાઓએ બાતમી હકીકત આપેલ કે, “ભાઈપુરામાં આવેલ ઝાડુવાળાની ચાલીમાં ક્રાઈમ બ્રાન્ચની પોલીસ ટીમ ઉપર ખૂની હુમલો કરનાર શ્યામ બાબુરાવ જાદવ તથા તેનો મિત્ર કાર્તિક મુદલીયાર નાઓ લાલ કલરના ટી.વી.એસ. સ્ટાર સીટી મોટર સાયકલ નંબર GJ-01-FJ-0528 ઉપર બેસી ગત્રાડ ગામ તરફથી આવી કબીર મંદિર થઈ વસ્ત્રાલ ગામ તરફ જયશ્રી બહુચર કિરાણા સ્ટોર્સ નામની દુકાન આગળ થઈ જનાર છે. ”જે બાતમી હકીકત આધારે પોલીસ ઈન્સ્પેકટર શ્રી એસ.એલ.ચૌધરી નાઓએ સ્ટાફના માણસો પંચો સાથે વોચ કરતા ઉપરોકત બંને ઈસમો દુરથી આવતા જણાતા એકદમ કોર્ડન કરી સદરી બંને ઈસમોને રોકવા જતા તેઓ બંને પોલીસને જોઈ જતા મોટર સાયકલ ધીમું પાડી મોટર સાયકલ રોડ ઉપર ફેકી દઈ છાપરાઓ તરફ દોડવા લાગેલા જેની પાછળ પોલીસના માણસો દોડતા પોલીસ માણસોએ જરૂરી બળનો ઉપયોગ કરી બંને ઈસમોને પકડી લીધેલ જેઓના નામઠામ પુછતાં (૧) શ્યામ ઉર્ફે કાળભૈરવ S/O બાબુરાવ જાદવ (મરાઠી) ઉ.વ. ૩૮ રહે. બાબુભાઈની ચાલી, મારેમા મહાકાળી માતાના મંદિર પાસે, ભાઈપુરા, અમરાઈવાડી, અમદાવાદ તથા નવી માર્કેટ રોડ ઉપર , પાદરા તા.પાદરા જી. વડોદારા તથા નંબર (૨) કાર્તીક ઉર્ફે વિરપ્પન કાર્તિક S/O ચક્રવતી મુદલીયાર ઉ.વ. ૨૯ રહેવાસી ૬૩, યાદવનગર, હાટકેશ્વર બસ ડેપોની પાછળ, સી.ટી.એમ.રોડ, અમરાઈવાડી , અમદાવાદના હોવાનું જણાવેલ. જે બંને ઈસમોની પુછપરછ કરતાં પકડાયેલ આરોપીઓ ગઈ તા.૧૬/૧૧/૨૦૧૬ ના સાંજના સમયે ઝાડુવાળાની ચાલી ભાઈપુરા ખોખરા અમદાવાદ ખાતે ક્રાઈમ બ્રાન્ચના પોલીસના માણસો ઉપર ખૂની હુમલો કરેલ જે બાબતે ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફર્સ્ટ ગુના નંબર ૯૫/૨૦૧૬ ધી ઈ.પી.કો. કલમ ૩૦૭, ૩૩૩, ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ (૧) મુજબનો ગુનો દાખલ હોઈ તે ગુનામાં વોન્ટેડ હોવાનું તેમજ શ્યામ બાબુરાવ જાદવ નાનો ખોખરા પોલીસ સ્ટેશન સે.ગુ.ર.નં.૩૦૫૦/૨૦૧૬ ધી ઈ.પી.કો. કલમ ૩૨૩, ૨૯૪ (ખ), ૫૦૬(૧) મુજબ તથા સેકન્ડ ગુ.ર.નં.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

૩૧૪૬/૨૦૧૬ ધી ઈ.પી.કો. કલમ ૩૨૩, ૨૯૪ (ખ), ૫૦૬(૨) મુજબ ગુનાઓમાં વોન્ટેડ હોવાનું જણાવેલ છે. તેમજ નડીયાદ પોલીસ સ્ટેશનના સને ૨૦૧૨ ના ચેઈન સ્નેચીંગના ૩ ગુનામાં તેમજ આણંદ પોલીસ સ્ટેશનના ચેઈન સ્નેચીંગના ૧ ગુનામાં તથા વડોદરા ગોરવા પોલીસ સ્ટેશનના ચેઈન સ્નેચીંગના ૨ ગુનામાં સને ૨૦૧૨ થી વોન્ટેડ હોવાનું તેમજ છેલ્લા બે વર્ષ દરમિયાન ઉપરોકત બંને ઈસમો તથા તેના સાગરીત સંજય પન્નાલાલ કોષ્ઠી નાઓએ ભેગા મળી નડીયાદ ખાતે ૫ ચેઈન સ્નેચીંગના ગુનાઓ તથા આણંદ ખાતે ૫ ચેઈન સ્નેચીંગના ગુનાઓ તથા વિધ્યાનગર ખાતે ૨ચેઈન સ્નેચીંગના ગુનાઓ તથા વડોદરા શહેર ખાતે ૪ચેઈન સ્નેચીંગના ગુનાઓ તથા કરજણ ખાતે ૨ ચેઈન સ્નેચીંગના ગુનાઓ તથા અસલાલી ખાતે ૧ ચેઈન સ્નેચીંગનો ગુનો તથા સાણંદ ખાતે ૧ ચેઈન સ્નેચીંગનો ગુનો તથા કણભા ખાતે ૧ ચેઈન સ્નેચીંગનો ગુનો તથા વડોદરા રૂરલ ખાતે ૧ ચેઈન સ્નેચીંગનો ગુનો તથા ચિલોડા ખાતે ૧ ચેઈન સ્નેચીંગનો ગુનો તથા બારેજડી ખાતે ૧ ચેઈન સ્નેચીંગનો ગુનો તથા ધોળકા ખાતે ૧ ચેઈન સ્નેચીંગનો ગુનો તથા બાવળા ખાતે ૧ ચેઈન સ્નેચીંગનો ગુનો તથા મહેમદાવાદ ખાતે ૧ ચેઈન સ્નેચીંગનો ગુનો તથા રામોલ ખાતે ૧ વાહન ચોરીનો ગુનો તથા ખોખરા ખાતે ૧ લૂંટનો ગુનો કરેલ હોવાની કબૂલાત કરેલ છે. જે પકડાયેલ બંને આરોપીઓને ખોખરા પોલીસ સ્ટેશન સોંપવા કાર્યવાહી હાથ ધરેલ છે.

વોન્ટેડ ગુનાના આરોપીઓ તથા ગુના શોધ્યાની હકીકત દર્શાવતુ પત્રક

| અ.નં. | શહેરનું નામ | હેડ | કુલ ગુના |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ખૂનની કોશીષ તથા મારામારી | ૩ વોન્ટેડ |
| ૨ | આણંદ શહેર | ચેઈન સ્નેચીંગ | ૧ વોન્ટેડ |
| ૩ | વડોદરા શહેર | ચેઈન સ્નેચીંગ | ૨ વોન્ટેડ |
| ૪ | નડીયાદ શહેર | ચેઈન સ્નેચીંગ | ૩ વોન્ટેડ |
| ૫ | અમદાવાદ શહેર રામોલ | વાહન ચોરી | ૧ ગુનો શોધ્યો |
| ૬ | અમદાવાદ શહેર ખોખરા | લૂંટ | ૧ ગુનો શોધ્યો |
| ૭ | નડીયાદ | ચેઈન સ્નેચીંગ | ૫ ગુના શોધ્યા |
| ૮ | આણંદ | ચેઈન સ્નેચીંગ | ૫ ગુના શોધ્યા |
| ૯ | વિધ્યાનગર | ચેઈન સ્નેચીંગ | ૨ ગુના શોધ્યા |
| ૧૦ | વડોદરા | ચેઈન સ્નેચીંગ | ૪ ગુના શોધ્યા |
| ૧૧ | વડોદરા રૂરલ (કરજણ) | ચેઈન સ્નેચીંગ | ૩ ગુનો શોધ્યા |
| ૧૨ | અસલાલી | ચેઈન સ્નેચીંગ | ૧ ગુનો શોધ્યો |
| ૧૩ | સાણંદ | ચેઈન સ્નેચીંગ | ૧ ગુનો શોધ્યો |
| ૧૪ | કણભા | ચેઈન સ્નેચીંગ | ૧ ગુનો શોધ્યો |
| ૧૫ | ચિલોડા | ચેઈન સ્નેચીંગ | ૧ ગુનો શોધ્યો |
| ૧૬ | બારેજડી | ચેઈન સ્નેચીંગ | ૧ ગુનો શોધ્યો |
| ૧૭ | ધોળકા | ચેઈન સ્નેચીંગ | ૧ ગુનો શોધ્યો |
| ૧૮ | બાવળા | ચેઈન સ્નેચીંગ | ૧ ગુનો શોધ્યો |
| ૧૯ | મહેમદાવાદ | ચેઈન સ્નેચીંગ | ૧ ગુનો શોધ્યો |



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## <u>વાહન ચોરીના આરોપીની ધરપકડ કરતી અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ</u>

ક્રાઇમબ્રાન્ચ, અમદાવાદશહેરના સંયુકત પોલીસ કમિશનર શ્રી જે.કે.ભટ્ટ, નાયબપોલીસકમિશ્નરશ્રી દીપન ભદ્રન તથા મદદનીશપોલીસકમિશ્નરશ્રી રાહુલ પટેલ નાઓનામાગઁદશનઅનેસુપરવિઝનહેઠળ એન્ટી ઓર્ગેનાઇઝડ ક્રાઇમ સેલ ના પોલીસ ઇન્સપેકટર શ્રી કે.જી.ચૌધરીનાઓએ આપેલ સુચના અનુસાર અમદાવાદ શહેરમાં મિલ્કત સબંધી ગુન્હા બનતા અટકાવવા તથા આવા ગુન્હા કરતા આરોપીઓ શોધી કાઢવા ટીમના માણસો કાર્યરત હતા દરમ્યાન મળેલ બાતમી આધારે બહેરામપુરા મેલડીમાતાના મંદિર પાસે રોડ ઉપરથી **<u>અસ્પાક મહેમુદહુસેન શેખ ઉ.વ.૩૧ રહે, બ્લોક નંબર ૪, રુમ નંબર ૧૦૯,બીજો માળ સદભાવના ગરીબ આવાસ યોજનાના ઔડાના મકાનમા વટવા રેલ્વે ક્રોસિંગ પાસે વટવા અમદાવાદ</u>**નાને એક હોન્ડા એકટિવા જેની પાછળ આર.ટી.ઓ નંબર લખેલ નથી જેના આગળના ભાગે જીજે.૦૧.એમએ..૨..૩.. લખેલ કિ.રૂ.20,000/ સાથે અટકાવેલ આ હોન્ડા એકટીવા ના આર.સી.બુક પુરાવા ન હોવાથી તપાસ અર્થે કબ્જે કરી તપાસ કરતાં ઉપરોકત ઇસમે એલીસબ્રીજ પો સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૦૪/૧૬ ઇ.પી.કો.કલમ ૩૭૯ મુજબનો ગુન્હો કરેલ હોય જેથી વધુ તપાસ અર્થે આરોપી તથા મુદ્દામાલ વધુ તપાસ અર્થે એલીસબ્રીજ પોલીસ સ્ટેશન સોંપવામાં આવેલ છે.

## <u>ઘરફોડ ચોરીના આરોપીઓની ધરપકડ કરતી અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ</u>

ક્રાઇમબ્રાન્ચ, અમદાવાદશહેરના સંયુકત પોલીસ કમિશનર શ્રી જે.કે.ભટ્ટ, નાયબપોલીસકમિશ્નરશ્રી દીપન ભદ્રન તથા મદદનીશપોલીસકમિશ્નરશ્રી રાહુલ પટેલ નાઓનામાગઁદશનઅનેસુપરવિઝનહેઠળ એન્ટી ઓર્ગેનાઇઝડ ક્રાઇમ સેલ ના પોલીસ ઇન્સપેકટર શ્રી કે.જી.ચૌધરીનાઓએ આપેલ સુચના અનુસાર અમદાવાદ શહેરમાં મિલ્કત સબંધી ગુન્હા બનતા અટકાવવા તથા આવા ગુન્હા કરતા આરોપીઓ શોધી કાઢવા ટીમના માણસો કાર્યરત હતા દરમ્યાન મળેલ બાતમી આધારે ઇસનપુર સુર્યનગર પોલીસ ચોકીથી ઘોડાસર તરફ જતી કેનાલ પર બગીચા પાસેથી અગાઉ ઘરફોડ ચોરી તેમજ આર્મ્સ એકટ તથા ખુન મારામારી વિગેરે ગુન્હાઓમા પકડાયેલ

(1)અનવરખાન અસતખાન પઠાણ ઉ.વ.38 રહે,નવાબનગરના છાપરા ચંડોળા તળાવ શાહઆલમ નવાબનગર ચોક શાહઆલમ ઇસનપુર અમદાવાદ

(2)અખ્તરહુસેન @ અક્કુ સન/ઓફ મજીદભાઇ ખોખર ઉ.વ.36 રહે,શેખુભાઇની ચાલી મિલ્લતનગર હુસેની મસ્જિદની પાછળ ઇસનપુર અમદાવાદ

જેઓને અટકાવી પુછપરછ કરતાં ઉપરોકત બંન્ને ઇસમો તથા તેમના મિત્ર ઇમરાન રહે,શેખુભાઇની ચાલી મિલ્લતનગર હુસેની મસ્જિદની પાછળ ઇસનપુર અમદાવાદ જે ત્રણેયે ભેગા મળી ઇમરાનની રીક્ષામા આશરે 20-25 દિવસ પહેલા રાત્રીના સમયે ઇસનપુર કેનાલ રોડ શીવમ સોસાયટીમા એક મકાનનુ તાળુ તોડી મકાનમાંથી સોના ચાંદીના દાગીના તથા રોકડ નાણાની ચોરી કરેલાની હકિકત જણાવેલ. જેથી તપાસ દરમ્યાન ઉપરોકત આરોપીઓએ ઇસનપુર ફસ્ટ ગુ.ર.નં. 153/16 ઇ.પી.કો.કલમ 454,457,380 મુજબનો ગુનો કરી ઇસનપુર શીવમ સોસાયટી મકાન નં.20 અમદાવાદમાંથી તા 31/10/16 ના કલાક 20/00 થી તા 5/11/16 ના કલાક 10/00 વાગ્યા દરમ્યાન ઉપરોકત રહેણાંક મકાનના મુખ્ય દરવાજાનુ તાળુ તોડી મકાનમાંથી સોના ચાંદીના દાગીના તથા રોકડ રુ 1,00,000/ મળી કુલ્લે રુ 1,81,600/ ની ચોરી કરેલાની હકીકત જણાય આવેલ હોય ઉપરોકત બંન્ને આરોપીઓને વધુ તપાસ અર્થે ઇસનપુર પોલીસ સ્ટેશન સોંપવામાં આવેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

ઉપર જણાવેલ આરોપી અનવરખાન અસતખાન પઠાણનો અગાઉ સને 2002 મા મિલ્લતનગરમા રહેતા યાસીન @ જીન્નાદનુ ખુન કરેલ જે ખુન કેસમા મણીનગર પો સ્ટેશનમા પકડાયેલ જે કેસમા સને 2004 સુધી જેલમા રહેલ છે. તેમજ તેમજ ઇસનપુર પો સ્ટેશનમા મારામારીના ગુન્હામા પકડાયેલ છે. તેમજ ઇસનપુર પો સ્ટેશનમા આર્મ્સ એક્ટ ના ગુન્હા હેઠળ તેમજ સને 2015 મા દાણીલીમડા પો સ્ટેશન વિસ્તારમાંથી કાપડ ચોરીના ગુન્હામાં પકડાયેલ છે. આ ગુન્હા કરવા બદલ પાસા અટકાયતી તરીકે સુરત જેલમા રહેલ છે.

## બંધ મકાનોમા ઘરફોડ ચોરી કરતો અને છેલ્લા દસેક માસથી નાસતા ફરતા ઇસમની ધરપકડ કરતી અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ

ક્રાઇમબ્રાન્ચ, અમદાવાદશહેરના સંયુકત પોલીસ કમિશનર શ્રી જે.કે.ભટ્ટ, નાયબપોલીસકમિશ્નરશ્રી દીપન ભદ્રન તથા મદદનીશપોલીસકમિશ્નરશ્રી રાહુલ પટેલ નાઓનામાર્ગદશનઅનેસુપરવિઝનહેઠળ એન્ટી ઓર્ગેનાઇઝડ ક્રાઇમ સેલ ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી કે.જી.ચૌધરી નાઓએ આપેલ સુચના અનુસાર એન્ટી ઓર્ગેનાઇઝડ ક્રાઇમ સેલ ટીમ અમદાવાદ શહેરમાં બનતા મિલ્કત સબંધી ગુન્હા ન બને તથા આવા ગુન્હા કરતા આરોપીઓ શોધી કાઢવા કાર્યરત હતા અને અમદાવાદ શહેર પેટ્રોલીંગ દરમ્યાન મળેલ બાતમી આધારે દિનેશ @ ઠોઠો સન/ઓફ નટવરભાઇ દંતાણી ઉ.વ.૨૮ રહે,ગામ: બાલીસણા માજીયોવાસ તા: જી: પાટણનાને રાણીપ થી પકડવામાં આવેલ છે. જે ઇસમ નીચે જણાવેલ ગુન્હામા આજદીન સુંધી નાસતો ફરતો રહેલ છે. અને પોતાની ધરપકડ ટાળવા સારૂ પોલીસથી સંતાતો ફરતો હતો.

(૧) મણીનગર પો સ્ટે I ગુ.ર.નં.55/15 I.P.C 454,457,380,મુજબ

(૨) મણીનગરપો સ્ટે I ગુ.ર.નં.237/14 I.P.C 454,457,380,મુજબ

(3) ઇસનપુર પો સ્ટે I ગુ.ર.નં.142/15 I.P.C 454,380,મુજબ

(૪) એલીસબ્રીજ પો સ્ટે I ગુ.ર.નં.133/15 I.P.C 454, 457,380, મુજબ

(૫) એલીસબ્રીજ પો સ્ટે I ગુ.ર.નં.233/11 I.P.C 454, 457,380,411,114 મુજબ

ઉપર જણાવેલ ઇસમ દિવસ દરમ્યાન અમદાવાદ શહેરના રહેણાંક વિસ્તારોમા ફરી બંધ મકાનોને ટાર્ગેટ કરી રાત્રીના સમય દરમ્યાન તે મકાનના દરવાજા લોક તોડી અથવા મકાનમા બારીની ગ્રીલ તોડી મકાનોમા પ્રવેશ કરી ઘરફોડ ચોરીને અંજામ આપે છે. ઉપરોકત ઇસમની પુછપરછ્માં પોતે છેલ્લા દસેક માસથી પોલીસથી સંતાતો ફરતો હોય દરમ્યાન કેટલીક ઘરફોડ ચોરીઓ કરેલ છે. જેમાં નારણપુરા પો સ્ટે ફ.ગુ.ર.નં. ૧૧૦/૧૫ ઇ.પી.કો.કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબનો ગુન્હો કરેલ હોવાનું જણાય આવેલ છે. આ ઉપરાંત ઉપરોકત ઇસમે છેલ્લા ચારેક વર્ષ દરમ્યાન નવરંગપુરા વિજય ચાર રસ્તા પાસે આવેલ સોસાયટીમાંથી બે ઘરફોડ ચોરી, રાણીપ કલેકટર કચેરી સામે આવેલ સોસાયટીમાંથી તેમજ ચાંદખેડા બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ સામે સારથી બંગ્લોઝમાંથી રાત્રીના સુમારે બંધ મકાનમાંથી ઘરફોડ ચોરી કરેલાની વિગતો જણાવેલ છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)